Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# સુરેશ જોશીની વિવેચન સૃષ્ટિ

Prof. H.H. Parmar*

## પૂર્વભૂમિકા:

ગુજરાતી સાહિત્યને 'સુધારક યુગ', 'પંડિત યુગ', 'ગાંધી યુગ', 'આધુનિક' અને 'અનુઆધુનિક'- એવા તબક્કાઓ પાડીને જોવાનો એક ચાલ પડ્યો છે. આ યુગવિભાજનમાં બે તબક્કા એવા છે જેના પર કોઈ એક વ્યક્તિની જબરદસ્ત પક્કડ હોય. 'ગાંધીયુગ'માં ગાંધીજી પૂર્ણકદના સાહિત્યકાર ન હોવા છતાં એમની ચળવળો, વ્યક્તિત્વ, વિચારો અને લખાણોનો એટલો મોટો પ્રભાવ પડ્યો હતો કે એમના સમકાલીન એવા અનેક પ્રતિભાશાળી સાહિત્યકારોની ઉપસ્થિતી છતાં 'ગાંધીયુગ'થી એ તબક્કો ઓળખાય છે. બીજી વાર બન્યું આધુનિક ગુજરાતી સાહિત્યના સંદર્ભે. સુરેશ જોશીએ પોતાની બળવાખોર વિવેચના, મજબૂત આધાર ઊભો કરતી નવલિકાઓ, લઘુનવલના પ્રયોગો, નિબંધો અને કવિતાઓ તેમજ વિવિધ સામયિકો, ઉહાપોહ દ્વારા જે વારાવરણનું નિર્માણ કર્યું તે 'ઘટના' પોતે જ એટલી સક્ષક્ત બની રહી કે આધુનિકતા અને સુરેશ જોશી અભિન્નરીતે સંકળાઈ ગયા. આ ગાળાને 'સુરેશયુગ' કહીએ તોય ચાલે.

**ચાવીરૂપ શબ્દો: વિવેચન, સાહિત્ય, સંવેદના, સર્જન, વાચક**

## વાર્તા વિવેચન:

ભલે 'મલિયાનિલ'થી વાર્તાઓ લખાવાનો આરંભ થયો હોય, પણ ગુજરાતી ટૂંકીવાર્તાનું કાઠું 'ધુમકેતુ'એ ઘડી આપ્યું. એમણે વિષયો, નિરૂપણરીતિઓ, વૈવિધ્યસભર ભાવો અને અસરકારક અનુભૂતિ વિશ્વ સર્જવામાં અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત કરી તો 'દ્વિરેફ' અને 'સુન્દરમે' થોડો જૂદો માર્ગ પણ ચીંધી બતાવ્યો-'સાવ છેવાડા'ના માણસ સુધી પહોંચવાની મહેનતનું પરિણામ એ આવ્યું કે ટૂંકી વાર્તા એ કલાપ્રકાર હોવાની વાત જાણે ઢંકાઈ જ ગઈ. દેશમાં આઝાદીની ચળવળો ચરમસીમાએ હતી, આઝાદ થવાની વાત હોય કે સામાજિક બદલાવની, શહેર-ગામડાં વચ્ચેના ભેદને સ્પષ્ટ કરવા હોય, હાંસીયામાં ધકેલાઈને સદીઓથી જીવતા માણસોની સંવેદનાઓ હોય કે શહેરીકરણના ચકરડામાં જોતરાઈ ગયેલા નગરવાસીની દશા હોય- દરેક લેખક નવી સિચ્યુએશન, નવી ચોટ, નવી વાર્તા- કરીને ભાવકના ચિત્તમાં લાગણીના ઉભરાઓ સર્જવાની હોડમાં મચી પડ્યો હોય એવું વાતાવરણ જામ્યું હતું. નિવડેલા પોતાની કેડીઓને મોટા માર્ગમાં પરિવર્તિત કરવામાં પડેલા, નવા એને એનુસરવામાં ને લેખકપણાનો નવો નવો કેફ સ્વાદવામાં મદમસ્ત હતા, હા 'જયંત ખત્રી'- 'જયંતી દલાલ' કે 'બકુલેશ' જેવા કેટલાક અપવાદો પણ મળે - પણ મોટાભાગનાને મજા હતી જાણીતી ગોળીઓને ચૂસવાની- જાણીતી રીતિઓ, થોડા ફેરફારો સાથે આવતા હોઈ 'નવા' લાગતા વિષયો, વર્ણનો, વિવિધ વર્ગમાંથી આવતા પાત્રો જોઈને આફરિન પોકારી જતા આપણાં ભાવકો મજેથી કથારસમાં ડૂબકાં ખાતા હતા ને કમનસીબે વિવેચકો પણ ખાસ કશી ચિન્તા વિના છબછબિયાનો આનંદ ઉઠાવતા હતા.

1957માં સુરેશ જોશી એમનો પહેલો વાર્તા સંગ્રહ- 'ગૃહપ્રવેશ' લઈને આવે છે. સાથે એમની અતિ જાણીતી થયેલી પ્રસ્તાવના- 'કિંચિત્'-પણ ગુજરાતી સાહિત્યમાં ઝીંકાય છે. આ વાર્તાઓ અને આ પ્રસ્તાવના દ્વારા એમણે રજૂ કરેલ વાર્તા-વિભાવનાએ સર્જકો, ભાવકો અને વિવેચકો- એમ સાહિત્યજગતના બધા જ સ્ટેકહોલ્ડરો માટે ભૂકંપની અસરો સર્જેલી. તત્કાલીન સર્જકો ગીન્નાયા એટલે કે એમની લખાવટ, એમની સિદ્ધ-પ્રસિદ્ધ થઈ ચૂકેલી વાર્તાઓનો છેદ ઉડતો હતો, ભાવકો એટલે નારાજ થાય એવી સ્થિતિ થઈ કે- તૈયાર ભાણે મળતો વાર્તારસ, ચમચીએ ચમચીએ કરાવાતું ભાવન કે રસાસ્વાદ અહીં સહેલાઈથી ઉપલબ્ધ નહોતો- સુરેશ જોશીની વાર્તાને પામવા મથામણ કરવાની જરૂર પડતી હતી, જેની એને ટેવ જ નહોતી. અને વિવેચકો માટે તો સ્વાભાવિક જ આ પડકાર અણધાર્યો હતો.

---

*Prof. H.H. Parmar, Smt. M.M Shah Mahila Arts College, Kadi

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

વર્ષોથી તૈયાર મળેલી વિભાવનાઓ, આદિ-મધ્ય ને અંતના ચોખઠાં, પાત્રાલેખન કલાથી માંડી ભાષાના અલંકરણોની પરંપરાગત પદ્ધતિએ આંગળી ચીંધીને બતાવી શકાય એવી રચનાઓ ઉપર તો એમની દુકાનો ચાલતી હતી- એમની પર સુરેશ જોષીએ આકાર, ઘટના તિરોધાન, લીલા પ્રવૃત્તિ અને રુપાન્તરણ સિદ્ધ કરવાની વાત મુકી સાથોસાથ સાહિત્યનું પ્રયોજન- ચેતો વિસ્તાર, ચેતનાના પરિધિને વિસ્તારવું-એમ કહીને રીતસરના ચાલ્યાં આવતાં ચોકઠાંઓને ઉખાડી ફેંક્યા. આ સ્થિતિ અસહ્ય હતી બધાં માટે અને એટલે જ એના પ્રત્યાઘાતો પણ બહુ આકારા પડ્યા હતાં. શરુઆત 'ગૃહપ્રવેશ'ની પ્રસ્તાવના લખી આપનાર ત્યારના અગ્રણી વાર્તાકાર શ્રી ગુલાબદાસ બ્રોકરથી જ થઈ ગયેલી..! પછી તો જાણીતા અને અજાણ્યા, ક્યારેક નનામા તો ક્યારેક ઉછીના નામ ધરીને કેટલાય વિવેચકોએ સુરેશ જોશીની વિચારણાને અને એમની વાર્તાઓ વિશે- 'એમની વાર્તામાં પ્રતીકો અને કલ્પનો આવવા ખાતર આવે છે', કશી અનિવાર્યતાથી નહિ', 'બીન જરૂરી પુનરાવર્તનો', 'એક જ સરખા કલ્પનો', 'પ્રતીકોની ભરમાળ' 'સંવેદનવિશ્વોની એકવિધતા' –વિશે બળાપા કાઢવામાં આવ્યા, કેટલાકોએ એમની વાર્તામાંથી એકસરખા શબ્દો, પ્રતીકો, પદાવલિઓ- અલગ કાઢી યાદીઓ કરીને કહ્યું કે 'જુઓ આ વાર્તામાં કશું જ નથી'.

સમકાલીન એક સર્જકે તો સાવ સામા છેડે જઈને કહ્યું કે 'હું તો ઘટના વિના એક ડગલું પણ ભરું નહીં'- 'ઘટના નહીં તો વાર્તા નહીં'- એવા લેખકો બમણા જોરથી સુરેશ જોશી.ના વિચારોથી વિપરિત વાર્તાઓ લખવા માંડેલા- આ ગોકીરો એટલો મચ્યો ને વિદ્વાન વિવેચકો, સુપ્રસિદ્ધિમાં ન્હાતા લેખકોની આવી બૂમરાણે ગભરાયેલો ભાવક- બીચારો ગૂંગળાઈ ગયો. સામાન્ય રીત તો એવી છે કે, માણસને નવું ગમે છે, માણસમાં વિસ્મય જન્મે તે તો સૌને ગમે, કંઈક નવું હોય એટલે ખચકાટ જરૂર હોય પણ સાથોસાથ એ મનોમન નવું જોવા-સ્વીકારવા અને એની મજા લેવા તૈયાર થવાય મથે- પણ બૂમરાણ એટલી મચી કે કેટલાક વિવેચકોએ તો સુરેશ જોષી ઉપર એવું આળ પણ ચડાવી દીધું કે 'એમણે ગુજરાતી ટૂંકી વાર્તાથી વાચકને વિમુખ કરાવી દીધો'. હજી પણ સામાન્ય છાપ એવી જ છે કે, સુરેશ જોષીને વાંચવા અઘરા પડે.

આવું કેમ થયું છે ?- એ સમજવા જેટલી આપણે સૌએ સહુષ્ણુતા દાખવવી પડે. સંસ્કૃત, અંગ્રેજી, બંગાળીથી માંડી વિદેશી સાહિત્યથી જે સમૃદ્ધ થયેલા છે એ સુરેશ જોશી ઇચ્છે તો તમને ને મને ગલગલિયા કરાવે એવી પ્રણયકથાઓ, જાસૂસકથાઓ કે પછી ગોવર્ધનરામ કે 'દર્શક' જેવી ઉભયમાર્ગી પ્રશિષ્ટ કથાઓ ઘસડી શકે એવી પ્રતિભા તો ધરાવતાં જ હતા- છતાં એ માર્ગ છોડીને શા માટે સરસ મજાની ચાલમાં રમમાણ એવા ગુજરાતી સાહિત્યને ઉપર-તળે કરવાની અને આવું આળ માથે લેવાની ઉધામાત એમણે કરી હશે ? એ સમજવા એમની રચનાઓને, એમની વિવેચનાને, એમના વિચારોને સમજવા પ્રયત્ન કરવો પડે. સદનસીબે- એમની હયાતીમાં જ એ પ્રયત્નો શરુ થઈ ગયેલા. અને હવે સમય એવો છે કે, માત્ર આધુનિક જ નહીં, પછીના અનુઆધુનિક કે કન્ટેમપરેરી ગુજરાતી સાહિત્યને સમજવું હોય તો પણ સુરેશ જોષીને સમજ્યા વિના ચાલે એમ નથી- એ એમનું પ્રદાન છે.

આ વાર્તાઓ આજે વાંચીએ છીએ ત્યારે ગુજરાતી સાહિત્યએ વચ્ચેથી છએક દાયકા વટાવી દીધા છે. એમની સાથે જ જેમની વાર્તાઓ પ્રકાશિત થતી હતી એવા કેટલાક વાર્તાકારો બદલાયેલા પ્રવાહો સાથે કદમ મિલાવીને આજે પણ સક્રિય છે- આજે ફરી પાછા સહેલાઈથી હાથમાં આવે એવી ઘટનાઓ, પરિવેશ, પાત્રો, મૂલ્યો, કશાક સંદેશ, કોઈ વાદ, વર્ગ કે આરંભ-મધ્ય કે અંતની વાર્તાઓના યુગમાં આવી પહોંચ્યા છીએ પણ એને તપાસીએ તો પણ સુરેશ જોશીએ જે પ્રયુક્તિઓ, જે રુપાન્તરણ અને ભાષા સાથે કામ લેવાનો વિશિષ્ટ આગ્રહ રાખેલો તેના સુ-ફળ જોઈ-પામી શકીશું. એમને વિરોધભાવે કે સમર્થનભાવે વિસારી શકીએ એમ નથી.

એમના કુલ પાંચ વાર્તાસંગ્રહો- 'ગૃહપ્રવેશ', 'બીજી થોડીક', 'અપિ ચ', 'ન તત્ર સૂર્યો ભાતિ', 'એકદા નૈમિષારણ્યે..'માં કુલ વાર્તાઓ જોઈએ તો 62 જેટલી થવા જાય છે. અને શિરીષ પંચાલ કહે છે તેમ- સુરેશ જોષી જેવા સર્જકો ભિન્ન ભિન્ન કૃતિઓ દ્વારા એક આખું વિશ્વ ઊભું કરતા હોય છે. એટલા જ માટે આવા સર્જકોની બધી કૃતિઓને એકસાથે ધ્યાનમાં રાખવી પડે.[સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ(કથાસાહિત્ય) પૃ.15, પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી. ગાંધીનગર] અને આમ પણ સુરેશ જોષી આપણે જે રીતે સાહિત્યસ્વરૂપોની વિભાવનાઓ બાંધીએ છીએ એનો સ્વીકાર કરવાને બદલે એને વિવિધ 'રસકોટિઓ' તરીકે ઓળખાવતા હતા. એટલે એમના નિબંધો, વાર્તાઓ, લઘુનવલના પ્રયોગો કે કવિતા બધામાં તમને કશીક સળંગસૂત્રતાનો, કશાક સમાન સંવેદનવિશ્વનો અનુભવ થતો હોય છે. એને મર્યાદારૂપે પણ જોવામાં આવ્યું છે તો સામે છેડે કહી શકીએ કે આ એક એવો સર્જક છે જે પોતાના ચિત્તમાં

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

પડેલું છે એને મૂર્ત કરવા, ઉત્તરોત્તર વધારે સઘન, વધારે આકારબદ્ધ, વધારે રૂપાન્તરિત કરીને આપણી સામે લાવવા ઈચ્છે છે અને એટલે વિવિધ ટેકનિક- પુરાણકથાઓ, દૃષ્ટાંતકથાઓ, પ્રતીકો, સન્નિદ્ધિકરણ, કપોળકલ્પનાઓથી માંડી વિવિધ ઓઝારો વાપરી વાપરીને એક અ-પૂર્વ એવો સર્જક ધર્મ બજાવી રહ્યાં છે. એ સમાજ પાસેથી સીધેસીધું ઉછીનું લેતા નથી, વિવિધ વિચારો, સંદેશાઓ, સિચ્યુએશનો, અપાર માનવમહેમરામણના પ્રશ્નો, જાણીતા સામાજિક પ્રશ્નો- આદિમાં જવાને બદલે એ પોતાની સાચકલી અનુભૂતિ છે- એ એમની આસપાસનું જગત બદલાઈ રહ્યું છે, ખાસ કરીને ભય અને કુતુહલની આખી દુનીયા ખોઈ નાંખી છે, આસપાસના પરિવેશને, પ્રકૃતિને બાદ કરીને જ જીવવા લાગ્યા છીએ-પરિણામસ્વરુપ જે ગુમાવ્યું છે તે, આજના આપણઆં જીવનમાં ખોખલાઈ હોવા છતાં ટટ્ટાર ખડું હોવાના દમ મારતું જીવી રહ્યું છે- એ છળને, એ હકીકતના મૂળ સુધી જવામાં રસ ધરાવે છે. આ પ્રશ્નોથી પલાયન કરવાને બદલે પોતે શૈશવમાં ને પછીથી પણ જીવનરસનો સાચો અનુભવ કર્યો છે- એ બંનેને સામસામે મુકવાની મથામણ કરે છે. પાછી આવી મથામણ પણ જાણીતા અને સાવ જ લપટાં પડી ગયેલા રસ્તે નહીં- સાથોસાથ કલાકૃતિનું ઉચિત ગૌરવ થાય, કલાકારનું સાચું ગૌરવ થાય એ રીતે. એ સમયની સાથે વાસી થઈ જતાં વાર્તાકારને નથી ઇચ્છતા એટલે કલાધર્મનો આકરો રસ્તો શોધવાની મથામણ કરે છે. આમ કરતા આ વાર્તાકારને થોડી વધારે ધીરજથી સમજવો રહ્યો.

(1) ટૂંકીવાર્તા વિશે એમણે પહેલી વાત કહી તે સર્જનના પ્રયોજનની- અને એ છે લીલા. અને આ લીલા શબ્દને વધારે સ્પષ્ટ કરતા કહે છે- 'અહૈતુક નિર્માણની પ્રવૃત્તિ'. પછી વાતને આગળ વધારતાં કહે છે કે- 'સ્થાયી ભાવ આઠ કે નવ ગણાવાયા છે પણ એ બધામાં વિસ્મયનો અંશ અનિવાર્યતયા રહ્યો જ હોય છે. આ વિસ્મય જ આપણી ચેતનાને વિસ્તારે છે. રસમાત્રનો આદિ સ્રોત આ વિસ્મય જ છે. એને ચમત્કાર કહો કે ચેતોવિસ્તાર કહો, એ જ સર્જન માત્રનું પ્રયોજન છે.'[કિંચીત્. સુરેશ જોશી.નું સાહિત્યવિશ્વ(કથાસાહિત્ય) પૃ.-11.]

(2) બીજી વાત કરી તે તિરોધાનની, પરિહારની. વધું સરળ કરવા કહ્યું- 'આપણે જે કહેવા ઇચ્છીએ છીએ તેને એનાથી જેટલે દૂર જઈને કહીએ તેમ વધારે મજા પડે. રમતમાં પ્રતિપક્ષી જેમ વધારે હંફાવે એવો હોય તેમ વધારે મજા.'

(3) 'સૃષ્ટિના સર્જનનું કેન્દ્ર માનવી છે એ માન્યતાને ઘડીભર અળગી કરીએ ને સામે છેડેથી જોઈએ તો ફરી આવીને ઊભા રહીએ fantasy આગળ..! નહીં ખાતરી થતી હોય તો બાળકની ક્રીડા જુઓ, એમાં ખુરશી ગુસ્સે થાય છે, લાકડી ઘોડો બને છે. બાળકમાં જીવનનો એવો તો ઉચ્છલ સ્રોત વહે છે કે એ પૂરવાળી નદીની જેમ વસ્તુવસ્તુના પાર્થક્યના કાંઠાને તોડીને બધું સમતળ કરી મૂકે છે. લાકડી, ખુરશી, ખીલો, ઢીંગલી – બધું એની સમકક્ષ બનીને જીવવા માગે છે. બાળક બધાંને જીવનની લહાણ કરે છે. કળાકાર પણ ! એટલે સત્યના સર્વાશ્લેષી પ્રસારમાં તો fantasy ને absurdity પણ સમાઈ જાય છે. સત્યના આલિંગનની જે બહાર રહ્યું તેની का गति ? સત્યના ઘણા મૂલ્યવાન અંશો આ fantasy અને absurdityની અંદર દટાઈને પડ્યા રહ્યા છે. કળાકાર સિવાય એનો ઉદ્ધાર કરવાનું બીડું કોણ ઝડપે ?

(4) 'જ્ઞાનગત સત્યો તો ગોચર છે જ, એને પ્રગટ કરવામાં કળાનો વિશેષ રહેલો નથી. કળાનો વિશેષ રૂપવિધાનમાં છે, નવ-નિર્માણમાં છે.' સતત પર્સપેક્ટિવ્ઝ બદલતાં રહેવા પડે, સીધું કથન કે એક જ બાબતને ફોકસમાં રાખીને વાત કહેવાને બદલે એકાધિક પરિમાણો, સન્નિધિકરણ, પારદર્શિતા, ક્રિયાત્મકતા ઉમેરવી પડે- નવી રીતે કહેવું પડે.

હવે, એમની કેટલીક વાર્તાઓને પ્રત્યક્ષ રીતે તપાસીને એમની વાર્તા-વિભાવનાને પણ સ્પષ્ટ કરતા જઈએ.

'ગૃહપ્રવેશ'ની મોટાભાગની વાર્તાઓમાં પરમ્પરા સાથેનો અનુબન્ધ સ્પષ્ટ વરતાય છે, સાથોસાથ એ પોતે જે નવો રાહ લેવા ઈચ્છે છે તેના પ્રયોગ કરવાનું વલણ પણ આ રચનાઓ સાથે ક્રમશઃ વિકસતું દેખાઈ આવે એવું સ્પષ્ટ છે. જે કહેવું છે, એનાથી દૂર રહીને કહેવાની લીલા રચે છે. એ માટે એમની પ્રિય પ્રયુક્ત રહી છે સન્નિધિકરણની. ઘણી રચનાઓમાં આ ટેકનિકનો આશ્રય લીધો છે. આરંભની 'જન્મોત્સવ' કે 'નળદમયંતિ' જેવી રચનાઓમાં આ ટેકનિક એટલી ઘનીભૂત થઈ નથી એ જોઈ શકીએ છીએ-તેમ છતાં સમાન્તરે બે ઘટનાઓ, દશ્યો મુકીને કંઈક ત્રીજું જ પરિમાણ સર્જવાની દિશામાં એ સફળ રહે છે. કૃષ્ણજન્મનું દૃષ્ય અને સમાન્તરે જ મણકીની કૂંખે જન્મતા બાળકની ઘટના- બંને છેવટ જતાં બેકગ્રાઉન્ડમાં રહી જાય અને જે ઘેરું સંવેદનવિશ્વ સર્જવું છે તે મુખ્યરૂપે ઉપસી રહે તો 'નળદમયંતિ'-ની ચિત્રાનો જીવનસંઘર્ષ અને નળ-દમયંતિનો જીવનસંઘર્ષ ભલે ધરાતલ જૂદાં હોય, પરિમાણો જૂદા હોય પણ

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

સતિત્વના નવાં જ પરિમાણ સાથે, સાથોસાથ સૂક્ષ્મ આંતરસંઘર્ષ અને જીવનઆનંદ બ-ખુબી આકારિત થતો અનુભવીએ છીએ.

'વાર્તા કહોને' ની ચંપા- જે ગતિએ ઇન્દુભાઈના ઘરમાં પ્રવેશે છે, ચાંગળે ચાંગળે ઘી ખાય છે- એ, એ દરમિયાન ઇન્દુભાઈની પોતાની બાહ્ય અને ચૈતસિક સ્થિતિ કેટલા આછા અમથા લસરકે આપણી સામે ઉપસી રહે છે. આરંભના સંકેતોથી બંધાતી વાર્તાની દિશા ક્રમશઃ અંત આગળ આવતા કેવા કારુણ્યને, સાથોસાથ વાત્સલ્યને પ્રગટાવે છે તે સુરેશ જોશીની સર્જકીય પકડને સ્પષ્ટ કરનારી છે. આ વાર્તા સીધી જ તત્કાલીન પરમ્પરા સાથે જોડાયેલી અનુભવીએ છીએ. પણ એમાં આલેખનની આંતરરીતિ બદલાઈ ગઈ છે. ચંપાની ક્રિયાઓમાંથી જન્મતો નિઃસંતાન હોવાનો અભાવ ને સામે છેડે અચાનક આવી પડેલી આ સ્થિતિમાં ઇન્દુભાઈનું વર્તન, મૃત્યુ પામેલી પુત્રી સાથે સધાતું સન્ધાન આ વાર્તાને નવતર બનાવે છે.

આ રચનાઓમાં પ્રયોજેલી ટેકનિકને તેઓ હાથવગી કરતાં કરતાં ક્યાંના ક્યાં લઈ આવ્યા છે- એ 'રાક્ષસ', 'કપોલકલ્પિત'થી માંડી 'બે સુરજમુખી અને' સુધીમાં વિકાસતારૂપે જોઈ શકીએ એમ છીએ. આરંભની વાર્તાઓથી જ ખપમાં લીધેલી આ પ્રયુક્તિને જુદી જુદી રીતે, જૂદા જૂદા સંદર્ભો સાથે, વધુને વધું ભાતીગળ રીતે આલેખતા રહ્યાં છે.

. સુરેશ જોશી.ની વાર્તાઓમાં આવતા સ્થળો, પાત્રોના નામો, પુનરાવર્તિત થતાં રહેતા કલ્પનો,ક્યાંક એક સરખાં લાગતાં અધ્યાસો આદિનો સ્વતંત્ર અભ્યાસ પણ કરવા જેવો છે. મને એવું લાગ્યું છે કે આમ થવા પાછળ સુરેશ જોશી.ની મર્યાદિત એવું અનુભવ જગત નહીં પણ ચોક્કસ આગ્રહને પ્રગટ કરવા માટેની મમત જવાબદાર છે. મર્યાદિત લાગતા વિષયો પાછળ એ સંવેદન, એ વાત, કે વિષયને નવી નવી રીતે પ્રગટ કરવાના, રૂપનિર્માણ કરવાના પ્રયત્નમાં રત રહ્યાં છે. અને જેટલું આલેખ્યું છે એનાથી અનેકગણું એ અનુભવી ચૂક્યા હશે- એવું ચોક્કસ કહી શકીએ. કેમકે, એ જે રીતે જગતને જુએ છે, અને જોયા પછી એ જે નવું જગત સર્જવાની તીવ્ર ખેવના ધરાવે છે- એ ભાગ્યે જ કોઈ ગુજરાતી લેખકમાં જોવા મળી છે, કે મળશે

## <u>સંદર્ભસૂચિ :</u>

1. સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ (કથાસાહિત્ય) પૃ. 15, પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી. ગાંધીનગર
2. કિંચીત્. સુરેશ જોશી.નું સાહિત્યવિશ્વ(કથાસાહિત્ય) પૃ.-11.
3. એજન. પૃ-176.
4. એજન પૃ.187-88
5. એજન. પૃ.-224